RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 257 * Date: 07.07.2025,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## પહેલી ઓગસ્ટથી એક ઝાટકે ૧૦૦ દેશો પર ટેરિફ લગાવશે અમેરિકા! ભારત અંગે ટ્રમ્પ લેશે અંતિમ નિર્ણય



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વિવિધ દેશો પર લાદવામાં આવેલા રેસિપ્રોકલ ટેરિફમાં આપવામાં આવેલી ૯૦ દિવસની રાહત ૯ જુલાઈના રોજ પૂર્ણ થવા જઈ રહી છે. આ ડેડલાઈન પૂર્ણ થાય તે પહેલાં જ અમેરિકાએ ચોંકાવનારી જાહેરાત કરી છે. આગામી ૧ ઓગસ્ટથી વિશ્વના આશરે ૧૦૦ દેશોમાંથી આયાત પર ટ્રમ્પ ટેરિફ લાદવાની જાહેરાત કરી છે, જે ૧૦ ટકા રહેશે. અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કૉટ બેસેન્ટે આ અંગે માહિતી આપી હતી.સ્કૉટ બેસેન્ટે ગ્લોબલ ટ્રેડ સ્ટ્રેટેજીનો હવાલો આપતાં જણાવ્યું હતું કે, બેઝલાઈન ટેરિફ વ્યાપક રૂપે લાગુ થશે. આ ટેરિફ એવા દેશો પર પણ લાગુ થશે, જેની સાથે વોશિંગ્ટન હાલ વાટાઘાટ કરી રહ્યું છે. અમે જોઈશું કે, પ્રમુખ ટ્રમ્પ ટ્રેડ ડીલ કરનારા દેશો સાથે કેવો વ્યવહાર રાખે છે. મારા મત મુજબ અમે ૧૦૦ દેશો પર લઘુત્તમ ૧૦ ટકાનો ટ્રમ્પ ટેરિફ લાદીશું. બેસેન્ટની આ સ્પષ્ટતાથી ભારતની ચિંતા વધી છે. જો કે, અંતિમ નિર્ણય ટ્રમ્પ લેશે.ડોનાલ્ડ ટ્રમ્પે ૧૨ દેશો પર ટેરિફ બોમ્બ ફોડવાની તૈયારી કરી છે. જેની જાહેરાત સોમવારે થવાની સંભાવના છે. રિપોર્ટ્સ અનુસાર, ટ્રમ્પે જણાવ્યું હુતં કે, આશરે એક ડઝન દેશો માટે વેપાર પત્ર પર હસ્તાક્ષર કર્યા છે. યાદીમાં સામેલ ઘણા દેશોને આ પત્ર 'ટેક ઈટ ઓર લીવ ઈટ' (સ્વીકાર કરો અથવા છોડી દો)ના અલ્ટીમેટમ સાથે આગામી સપ્તાહના પ્રથમ દિવસે મોકલવામાં આવશે. આ યાદીમાં સામેલ દેશોની હાલ જાહેરાત થઈ નથી.

ન્યૂજર્સી જતી વખતે એરફોર્સ વનમાં પત્રકારો સાથે વાતચીત કરતાં ટ્રમ્પે ૧૨ દેશો પર ટેરિફ બોમ્બ ફોડવાનો સંકેત આપ્યો હતો. આ યાદીમાં કથિત રૂપે ભારત, જાપાન અને યુરોપિયન યુનિયનના દેશો સામેલ હોઈ શકે છે. ઉલ્લેખનીય છે, ૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ટ્રમ્પે વિવિધ દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લાદ્યો હતો. તેમજ ૧૦ ટકા બેઝ ટેરિફ પણ લાદ્યો હતો. જેમાં રેસિપ્રોકલ ટેરિફમાં ૯૦ દિવસની રાહત આપી હતી. જે હવે પૂર્ણ થવાના આરે છે. જ્યારે ૧૦ ટકાનો બેઝ ટેરિફ તો લાગુ જ છે. એવામાં આ વધારાનો ૧૦ ટકા ટ્રમ્પ ટેરિફ ઘણા દેશોના નિકાસ વેપાર પર બોજો વધારશે. ટ્રમ્પે ૧૦૦ દેશો પર ૧૦ટકાનો બેઝલાઈન ટેરિફ લાદવાની તૈયારી કરી છે, તેમજ ૧૨થી વધુ દેશો પર નવો ટેરિફ લાગુ કરવાનો સંકેત આપ્યો છે. ટ્રમ્પ સરકારે જણાવ્યું હતું કે, ટેરિફ અમેરિકાની નિકાસ માટે વધુ અનુકૂળ વેપાર શરતોને પ્રોત્સાહન આપવા માટે સજ્જ છે.

ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ સકારાત્મક ધોરણે આગળ વધી રહી હોવાના બંને દેશોએ સંકેત આપ્યા છે. પરંતુ હજી સુધી કોઈ ઠોસ નિર્ણય જાહેર થયો નથી. કોઈ વચગાળાનો કરાર ન થતાં ૯ જુલાઈ બાદ ભારતની અમેરિકા નિકાસ પર અસર થઈ શકે છે. બંને દેશો વચ્ચે ટ્રેડ ડીલ અમેરિકા દ્વારા કૃષિ અને ડેરી ક્ષેત્રે મુદ્દે બજાર ખુલ્લુ મુકવાની માગ વચ્ચે અટવાઈ હોવાના અહેવાલો છે. આ સિવાય ભારતે ટેક્સટાઈલ, લેધર અને જેમ્સ-જ્વેલરી મુદ્દે માર્ગ મોકળો કરવાની માગ કરી છે.

## વકફ કાયદોઃ કેન્દ્ર સરકારનું નવા નિયમોનું નોટિફિકેશન જાહેરઃબધી વકફ મિલકતોનું ઓનલાઈન રજીસ્ટ્રેશન થશે, ૯૦ દિવસનો સમય આપવામાં આવશે

કેન્દ્ર સરકારે યુનિફાઇડ વકફ મેનેજમેન્ટ, એમ્પાવરમેન્ટ, એફિશિયન્સી અને ડેવલપમેન્ટ રૂલ્સ ૨૦૨૫નું નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ નિયમો વકફ પ્રોપર્ટીના પોર્ટલ અને ડેટાબેઝ, તેમની નોંધણી, ઓડિટ અને એકાઉન્ટ્સના જાળવણી સાથે સંબંધિત છે.નવા નિયમો હેઠળ એક કેન્દ્રીયકૃત પોર્ટલ અને ડેટાબેઝ બનાવવામાં આવ્યું છે, જે દેશભરના વકફના સંપૂર્ણ રેકોર્ડ નોંધશે. આમાં વકફ મિલકતોની યાદી અપલોડ કરવી, નવી નોંધણી, વકફ રજિસ્ટરની જાળવણી, ખાતાઓ વિશે માહિતી પૂરી પાડવી, ઓડિટ રિપોર્ટ પ્રકાશિત કરવા અને બોર્ડના આદેશોની નોંધણીનો સમાવેશ થાય છે.

વકફ મિલકતના મેનેજર (મુતાવલ્લી) પોતાના મોબાઈલ નંબર અને ઈમેઈલ દ્વારા દ્વારા લોગ ઈન કરીને પોર્ટલ પર નોંધણી કરાવશે. આ પછી, તે વકફ અને તેની મિલકતની વિગતો અપલોડ કરી શકશે.નવી વકફ મિલકતની રચનાના ત્રણ મહિનાની અંદર પોર્ટલ પર ફોર્મ ૪ માં નોંધણી કરાવવી પડશે. વકફ બોર્ડ પોર્ટલ




પર ફોર્મ ૫ માં વકફનું રજિસ્ટર જાળવશે. નવા નિયમો વકફ (સુધારા) અધિનિયમ ૨૦૨૫ હેઠળ બનાવવામાં આવ્યા છે, જે ૮ એપ્રિલ, ૨૦૨૫ થી અમલમાં આવ્યો છે.નવા નિયમોમાં સરકારોની જવાબદારી નક્કી કરવામાં આવી છે કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રાલયમાં વકફ વિભાગના પ્રભારી સંયુક્ત સચિવ આ પોર્ટલ અને ડેટાબેઝનું નિરીક્ષણ અને નિયંત્રણ કરશે. રાજ્યએ સંયુક્ત સચિવ સ્તરના નોડલ અધિકારીની નિમણૂક કરવી પડશે. કેન્દ્ર સાથે પરામર્શ કરીને એક કેન્દ્રિય સહાયક એકમની રચના કરવામાં આવશે.

આ પોર્ટલમાં રીઅલ-ટાઈમ મોનિટરિંગની સુવિધા હશે.

## અમરનાથ યાત્રાઃ ચંદ્રકોટમાં કાફલાની બસો અથડાઈ, ૩૬ ઘાયલઃપહેલગામ રૂટ પર અકસ્માત, બસની બ્રેક ફેલ; અત્યાર સુધીમાં ૩૦ હજાર શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા







અમરનાથ યાત્રાળુઓને લઈ જઈ રહેલા કાફલાની ચાર બસો અથડાઈ હતી. પહેલગામ રૂટ પર રામબન જિલ્લાના ચંદ્રકોટ લંગર પાસે થયેલા આ અકસ્માતમાં લગભગ ૩૬ મુસાફરો ઘાયલ થયા હતા. બ્રેક ફેલ થવાને કારણે બસના ડ્રાઈવરે કાબુ ગુમાવતા આ અકસ્માત થયો હતો. જેના કારણે કાફલામાં રહેલી ત્રણ વધુ બસો એકબીજા સાથે અથડાઈ હતી.સમાચાર મળતા જ બચાવ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ અને ઘાયલ યાત્રાળુઓને સારવાર માટે જિલ્લા હોસ્પિટલ રામબન લઈ જવામાં આવ્યા. બાકીના મુસાફરોને અન્ય વાહનોમાં પહેલગામ ખસેડવામાં આવ્યા હતા.આ પહેલા, ભારે વરસાદ છતાં, શનિવારે ભગવતી નગર બેઝ કેમ્પથી ૬,૯૦૦ યાત્રાળુઓનો એક નવું ગ્રુપ રવાના થયો હતો. આ ગ્રુપમાં ૫૧૯૬ પુરુષો, ૧૪૨૭ મહિલાઓ, ૨૪ બાળકો, ૩૩૧ સાધુ-સાધ્વી અને એક ટ્રાન્સજેન્ડરનો સમાવેશ થાય છે.યાત્રા શરૂ થયાના બીજા દિવસે શુક્રવારે સાંજે ૭ વાગ્યા સુધીમાં, ૨૬,૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓએ પવિત્ર ગુફામાં હિમ શિવલિંગના દર્શન કર્યા હતા. આ સંખ્યા વધીને ૩૦ હજાર થઈ ગઈ છે. અમરનાથ યાત્રા ૩ જુલાઈથી શરૂ થઈ હતી.૩૮ દિવસની આ યાત્રા પહેલગામ અને બાલતાલ બંને રૂટથી ચાલુ છે. તે ૯ ઓગસ્ટના રોજ રક્ષાબંધનના દિવસે સમાપ્ત થશે. ગયા વર્ષે આ યાત્રા ૫૨ દિવસ ચાલી હતી અને ૫ લાખ શ્રદ્ધાળુઓએ પવિત્ર ગુફાના દર્શન કર્યા હતા.અત્યાર સુધીમાં ૩.૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. રજીસ્ટ્રેશન માટે જમ્મુમાં સરસ્વતી ધામ, વૈષ્ણવી ધામ, પંચાયત ભવન અને મહાજન સભામાં સેન્ટર ખોલવામાં આવ્યા છે. અહીં દરરોજ ૨૦૦૦ શ્રદ્ધાળુઓનું રજીસ્ટ્રેશન ચાલી રહ્યું છે.

**તંત્રી લેખ..........**

# ટેરિફના ભય વચ્ચે ભારતની અમેરિકા ખાતે દવાની નિકાસમાં ૭૪ ટકાનો વધારો

ગત માર્ચમાં ભારતથી અમેરિકામાં દવાની નિકાસ વાર્ષિક ધોરણે ૭૩.૯૯ ટકા વધીને ૧.૫૬૧ બિલિયન ડોલર થઈ છે. તે જ સમયે, માર્ચમાં નિકાસ ફેબ્રુઆરીની તુલનામાં લગભગ ૭૧ ટકા વધી હતી. ફાર્માસ્યુટિકલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (ફાર્મેક્સિલ)ના ડેટા દર્શાવે છે કે આ તેજી એવા સમયે આવી છે જ્યારે સંભવિત યુએસ ટેરિફ પર વાતચીત ચાલી રહી છે.

ડેટા દર્શાવે છે કે એપ્રિલમાં અમેરિકામાં નિકાસ ૭.૨૭ ટકા ઘટીને ૮,૯૮૩.૪ મિલિયન ડોલર થઈ છે જે એપ્રિલ ૨૦૨૪ માં ૯,૬૮૭.૯ મિલિયન ડોલર હતી. જોકે, મે મહિનામાં નિકાસ સુધરીને ૧૩.૩૪ ટકા વધીને ૮,૧૩૪.૧ મિલિયન ડોલર થઈ હતી. એકંદરે, એપ્રિલ અને મે મહિનામાં અમેરિકામાં નિકાસ ૩ ટકા વધી હતી.

ભારતમાંથી આયાત પર ટેરિફ એપ્રિલથી અમલમાં આવવાની અપેક્ષા હતી, પરંતુ નિર્ણય મુલતવી રાખવામાં આવ્યો હતો. ભારત અને અમેરિકાએ હજુ સુધી વચગાળાના વેપાર કરારની જાહેરાત કરી નથી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ અઠવાડિયાની શરૂઆતમાં સંકેત આપ્યો હતો કે તેઓ ટૂંક સમયમાં દેશોને ડ્યુટી પત્રો મોકલવાનું શરૂ કરશે.ભારતની દવાના નિકાસના સંદર્ભમાં અમેરિકા સૌથી મોટું બજાર છે. ભારતની કુલ દવા નિકાસમાંથી ૩૪.૫૧ ટકા અમેરિકા મોકલવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ માં, ભારતે યુએસમાં ૧.૦૫૧૫ બિલિયન ડોલરના ફાર્માસ્યુટિકલ ઉત્પાદનોની નિકાસ કરી છે.

# બનાસકાંઠા-આણંદમાં વીજ કરંટથી ૫નાં મોત, વાવમાં એક જ પરિવારના ત્રણ લોકો ભોગ બન્યા





ગુજરાતમાં વરસાદી માહોલ જામ્યો છે,ત્યારે કોઈપણ ઈલેક્ટ્રિક ઉપકરણોને હાથ અડાડતા પહેલા થોડું સાવધ રહેવાની પડે છે. આ દરમિયાન બનાસકાંઠાથી વીજ કરંટની ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યા ધરાધરા ગામે વીજ કરંટ લાગવાથી એક પરિવારના ત્રણ લોકોના મોત નિપજ્યાં છે. માતા-પિતા અને પુત્ર ખેતરમાં બોરવેલ ચાલુ કરવા ગયા હતા, જ્યાં તેમને વીજ કરંટ લાગ્યો હતો. હાલ મૃતક પરિવારના મૃતદેહને વાવ ખાતેની સરકારી હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડવામાં આવ્યાં છે. બીજી તરફ આણંદના ઉમરેઠમાં વીજ કંરટ લાગતા બે યુવકના મોત નિપજ્યાં છે.

મળતી માહિતી અનુસાર, વાવ તાલુકાના ધરાધરા ગામે વહેલી સવારે જેઠા મકવાણા, રખુંબેન મકવાણા અને પુત્ર પથુ મકવાણા ખેતરમાં બોરવેલ ચાલુ કરવા ગયા હતા. આ દરમિયાન તેમને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. ઘટનાની જાણ થતાં પરિવાર ઘટનાસ્થળો દોડી આવ્યો હતો. હાલ મૃતદેહને પીએમ અર્થ ખસેડાયા હતાં.ત્યારબાદ આ સમગ્ર ઘટના બાદ ગામમાં શોકનો માહોલ છે. બીજી તરફ આણંદના ઉમરેઠ પાસેના બેચરી ગામે વીજ કંરટ લાગતા બે યુવકના મોત થયા છે. મહોરમ નિમિત્તે કતલની રાત્રીએ તાજીયા રમતા વીજ્ કરંટ લાગ્યો હતો. જેમાં મોહસીનખાન અને હુસેનખાનના મોત નિપજ્યા. નોંધનીય છે કે, તાજીયા રમતા તાજીયા વીજ વાયરને અડી જતાં બન્ને યુવક મોતને ભેટયા હતા. બેચરી ગામમાં મહોરમ પર્વ માતમમાં છવાયો હતો.

# તિહાર જેલથી ખૂંખાર સીરિયલ કિલર ફરાર, જેલ વહીવટીતંત્રમાં દોડધામ મચી

દિલ્હીની તિહાર જેલમાં સજા કાપી રહેલો સીરિયલ કિલર સોહરાબ ફરાર થઈ ગયો છે. સોહરાબ ત્રણ દિવસ માટે પેરોલ પર જેલમાંથી બહાર આવ્યો હતો, પરંતુ જેલ પાછો ફર્યો નહીં. લખનઉ પોલીસ સાથે મળીને જેલ પ્રશાસન સોહરાબને શોધી રહ્યું છે.સોહરાબ ખૂંખાર સીરિયલ કિલર છે. તેણે ઘણી હત્યાઓ કરી છે. સમાજવાદી પાર્ટીની સરકાર દરમિયાન સોહરાબએ લખનઉના સઆદતગંજમાં પૂર્વ સાંસદ શફીકુર રહેમાન બર્કના પૌત્રની હત્યા કરાવી હતી. આ ઉપરાંત સોહરાબ એક પૂર્વ કાઉન્સિલરની હત્યાના કાવતરામાં પણ સામેલ રહ્યો છે. સોહરાબ લખનઉના અમીનાબાદમાં શૂટરને ભાડે રાખીને ભાજપના કાઉન્સિલર પપ્પુ પાંડેની હત્યા કરાવી હતી.

વર્ષ ૨૦૦૫માં સોહરાબના નાના ભાઈ શહજાદેની લખનઉના હુસૈનગંજમાં હત્યા કરવામાં આવી હતી. હત્યા બાદથી સોહરાબ અને તેના બે ભાઈઓએ હત્યારાઓને મારી નાખવાનો પ્લાન ઘડ્યો હતો. તેમના ભાઈની હત્યાના એક વર્ષ પછી ઈદના દિવસે ત્રણ ભાઈઓ, સોહરાબ, સલીમ અને રૂસ્તમે તેમના ભાઈના હત્યારાઓને મારી નાખ્યા. હત્યા કરતા પહેલા, સોહરાબ, લખનઉના તત્કાલીન એસએસપીને ફોન કરીને કહ્યું કે, 'મારા ભાઈની હત્યાનો બદલો લેવા જઈ રહ્યો છું.' ઉલ્લેખનીય છે કે, સોહરાબ પેરોલ પર બહાર આવ્યો હતો, પરંતુ પેરોલનો સમયગાળો પૂરો થયા પછી પણ તે તિહાડ પહોંચ્યો નહી. તિહાર જેલ પ્રશાસને તાત્કાલિક લખનઉ પોલીસનો સંપર્ક કર્યો અને સોહરાબની શોધ શરૂ કરી.

# તો સ્કૂલ સંચાલકોની થાળીમાં વ્યંજનોમાં બદલે વાયરો રહેશે!!

ખાનગી એ ખાનગી. જાહેર એ બધું જાહેર . માણસનો સ્વભાવ ખણખોદિયો અને કુતૂહલપ્રિય હોય છે. જે બાબતની મનાઈ ફરમાવવામાં આવે કે પ્રતિબંધ મુકવામાં આવે તેનો ભંગ પહેલા કરે. જેમ કે અહીંયા પેશાબ કરવો નહીં. ત્યાં સૂચનાનો રંગઢંગ દેખાય નહીં તે રીતે દિવાલ પર મૂત્ર છાંટી દિવાલ મજબુત કરે. એ જ રીતે અહીંયા થૂંકવાની મનાઈ છે, ત્યાં પાન, મસાલા, ફાકીના લાલ થૂંકથી દિવાલ રંગી નાંખે. માનો કે મોહે રંગ દે ગેરુઆ ગીત ગાતા ન હોય!!

જાહેર વાત જાણવાની ચટપટી કે તાલાવેલી કોઈને હોતી નથી. પણ ખાનગી વાત જાણવાની તાલાવેલી હોય છે. સત્યનું મુખ કનકપાત્રથી ઢંકાયેલ હોય છે એવું શાસ્ત્રોમાં કહેવાયું છે!!

આઝાદી મળ્યા પછી આપણે ખાનગીકરણના દૂષણો ધ્યાને લઈને સરકારીકરણ અમલમાં મુકયું. એચએમટી વગેરે નવ જાહેર એકમો ભારતના નવરત્નો બનેલા. થોડાંક વરસો પછી સરકારીકરણના દૂષણોના અંતે ઘડિયાળના કાંટા અવળા ફેરવીને ડિસઈન્વેસ્ટમેન્ટનો નિર્ણય કર્યો છે. આમ, દુનિયા ગોળ છે તે સાબિત થયું!!

ધૂડી નિશાળ તરીકે વગોવાયેલી સરકારી શાળાઓએ મહાત્મા ગાંધી, સરદાર પટેલ જેવા નેતાઓ નીપજ્યા છે. ખાનગી શાળાઓએ આવો કોઈ પાક લણ્યા હાય તેવું ધ્યાને આવેલ નથી.

સરકારી શાળાના મુકાબલે ખાનગી શાળાઓની સંખ્યા દિવસે દિવસે કૂદકે ને ભૂસ્કે વધી રહી છે. જેમાં પીળું એટલું સોનું કે ઉજળું એટલું દૂધની માન્યતા કારણભૂત છે.

સરકારી શાળાના છોકરાઓને ખાનગી શાળાઓમાં ખેંચવા માટે કેટલા પાપડ વણે છે!! ખાનગી શાળાઓને એર કન્ડિશન કરવી પડે, હાયજેનિક નાસ્તો કેન્ટિનમાં આપવો પડે. ઓલિમ્પિક મેદાનની સાઈઝના બાસ્કેટ બોલ, ફૂટબોલ મેદાનો ડેવલપ કરવા પડે. સ્વિમિંગ, હોર્સ રાઈડિંગ, આર્ચરી,ડિસ્ક થ્રો, જાપાનીઝ ક્રાફટ વગેરે સુવિધા ઉભી કરવી પડે છે!

સરકારી શાળાના ખખડધજ- નરસિંહ મહેતાના ઉતારા જેવી શાળાની સામે આલિશાન મહેલ જેવી વાતાનુકૂલિત શાળા ઉભી કરવી પડે છે. જો કે, કેટલીક શાળા કોમર્શિયલ શોપિંગમાં બે દુકાનોમાં ચાલે છે,એ વાત અલગ છે.

તમે વિચારો કે સરકારી શાળામાં કદી સ્વિમીંગ પુલની સગવડ હોવાનું સાંભળ્યું છે?? ખાનગી શાળા સ્વિમિંગ પુલની સગવડ આપે છે!!

મયદાનવે મરૂભૂમિ જેવી બંજર ધરતીમાં અદ્ભૂત ઈજનેરી કૌશલ્યથી ઈન્દ્રપ્રસ્થ નગરનું નિર્માણ કર્યું હતું તે જ રીતે ખાનગી શાળાઓ પૃથ્વી પર ઓકસફર્ડ કે કેમ્બ્રિજ કે તક્ષશિલા કે નાલંદા જેવું શૈક્ષણિક સ્વર્ગ ખડું કરે છે.

ખાનગી શાળાએ પવિત્ર શિક્ષણ તીર્થ નિર્માણ કરવા ગંજાવર ખર્ચ કરે છે. આ ખર્ચને રીકવર કરવું પડે કે નહીં? બાય જુને ટક્કર મારે તેવા ગુરૂવર્યોની સેવા સેવામાં આવે છે. માની લઈએ કે સરકારી ધારા ધોરણ મુજબ લાયકાત ધરાવતા નથી . શું ગુરૂ દ્રોણે યુજીસી મુજબ નેટ- સ્લેટ પાસ કરેલી હતી ? ડિસ્ટન્સ લર્નિંગ સેનેટરની મંજૂરી મળેલી ન હતા છતાં એકલવ્યને ડિસ્ટન્સ લર્નિંગ આપેલ હતું. તેના એજી ઓડિટ પારા કયાં હજુ સોલ્વ થયેલ છે?? એકાદ ધોરણની મંજૂરી ન હોય તો શિક્ષણના હિતમાં ચાલું કર્યા હોય!!

ખાનગી શાળાઓ કરેલ રોકાણ વસૂલ કરવા ભૂતિયા વિદ્યાર્થીનેકાગળ પર દાખલ કર્યા હોય કે શિક્ષકોની નિમણૂક કરી હોય તેમાં કયું આભ તૂટી પડવાનું છે?? ચાલો શિક્ષકોનો પગાર કરવા શિક્ષકોના નામે લોન લીધી તો કયો ગુનો કર્યો છે? શિક્ષકોને પગારના પૂરી રકમ ડીબીટીથીચુકવી સંસ્થાની મદદ માટે અર્ધો પગાર પરત લઈ લીધો તેમાં કાગારોળ કરવાની? 'શાળા છે તો શિક્ષકો છે.'એ કથન ગાંઠે બાંધી લેજો- ગુરૂજીઓ!

શાળામાં આવતા છોકરા જાહેર પરિવહન કે માબાપના વાહનમાં આવે કે જાય તેની કરતાં સ્કૂલબસમાં આવે કે જાય તો સ્કૂલ ડિસિપ્લીનમાં ગુણાત્મક વધારો થશે. સારા ભણતર માટે થોડા રૂપિયા શિક્ષણવેદીમાં હોમવા પડે!! સ્કૂલની કેન્ટિનિમા્ હાયજેનિક અને બેલેન્સડ ડાયેટ મળતો હોય તો છોકરાઓની માએ નાસ્તો તૈયાર કરવાનું કષ્ટ શું કામ લેવું જોઈએ? વાલીઓ હસતું મોં રાખો અને ગજવું ઢીલું કરો!!સંચાલકો તમારી સમસ્યા પોતાના શીરે લેવા તૈયાર છે!!

તમે ગમે તે હલકી કવોલિટીનું કાપડ લઈ ગમે તે દરજી પાસે ફિટિંગ વગરનો કોથળા જેવો યુનિફોર્મ પહેરીને તમારા બચ્ચા સ્કૂલે આવે તો તેના પર્સનાલિટીને કેટલો મોટો અન્યાય થાય. સ્કૂલોએ પાસ કરેલ કાપડ મુજબ યુનિફોર્મ તૈયાર મળે તો વાલીની દોડધામ, તનાવ, સ્ટ્રેસમાં કેટલો મોટો ઘટાડો થાય! સ્કૂલમાંથી પાઠયપુસ્તકો નોટબુક લેવાથી વિવિધતામાં સમાનતાનો ગુણ વિકસે છે. આ બધું ખરીદ કરવાનું મરજીયાત છે, છતાં વાંકદેખા વાલીઓ ફરજિયાત હોવાની અફવા ફેલાવે છે!!!

લાલાઓએ તેમનો એટિટયુડ અને એપ્ટિટયુડમાં અમૂલ પરિવર્તન કરવાની જરૂર છે!!એફઆરસી તોપ માંગે તો ચાંદલિયા જેટલો ફી વધારો કપે અંધારામાં પૂરું અદાલત દાઝ્યા પર ડામ આપે છે. સિકૂલિાંથીયુનિફોર્મ ખરીદવાનો આગ્રહ યોગ્ય નથી કે મરજીયાત છે એવો હુકમો કરે છે. આ તો લાકડાની ભારી ખોલી લાકડી એક એક છૂટી કરી તોડવાની યુક્તિપ્રયુક્તિ છે. કાલે કેન્ટિન મરજીયાત કરશે. પરમ દિવસે પુસ્તકો મરજીયાત કરશે તો સ્કૂલ સંચાલકોની થાળીમાં વાયરો રહેશે.!!

ભરત વૈષ્ણવ

# 'બેગલેસ ડે'નો અમલ ન થયો:સરકારનો આદેશ પાટનગરની સ્કૂલોના ઝાંપા સુધી પણ ન પહોંચ્યો

બાળકો ભણતરનો ભાર ઘરે મુકીને આનંદ ઉલ્લાસ સાથે અવનવી પ્રવૃત્તિઓ કરે તે માટે બેગલેસ ડેની ઉજવણી આજથી શરૂ કરવાની હતી. દર શનિવારે બેગલેસ ડેના આયોજનના આદેશ વચ્ચે પ્રથમ દિવસે જ જિલ્લાની અનેક પ્રાથમિક શાળાઓમાં તેની અમલવારી નહી થતાં બાળકોને સ્કૂલબેગ સાથે આવવાની ફરજ પડી હતી. આવી પરિસ્થિતિની પાછળ જિલ્લા શિક્ષણતંત્રના નબળા આયોજનનું કારણ બહાર આવતા પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવી સ્થિતિ બની રહી હતી. અમુક શાળાઓના આચાર્યો અને શિક્ષકોને શું પ્રવૃત્તિ કરાવવી તેની મુંઝવણમાં પ્રથમ દિવસે જોવા મળ્યા હતા. તેની વચ્ચે બાળકોને પ્રથમ દિવસના બેગલેસ ડેના દિવસે શૈક્ષણિક કાર્ય કરવાની ફરજ પડી છે. સરકારના આદેશનો પાટનગરમાં જ અમલ થઈ શક્યો નથી.રાજ્યના શિક્ષણ વિભાગે પ્રાથમિક શાળાના બાળકો માટે બેગલેસ ડેની ઉજવણી દર શનિવારે કરવાનું નક્કી કરાયું છે. તેના માટે રાજયના શિક્ષણ વિભાગે આદેશ પણ કરી દીધો છે. ત્યારે જિલ્લા સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી ૯૬૩ પ્રાથમિક શાળાના ૨.૩૧ લાખ બાળકોને સ્કૂલબેગ વિના જવાનું અને શાળામાં મજા કરવાની હતી. પરંતુ જિલ્લા શિક્ષણતંત્રના નબળા આયોજનને પગલે જિલ્લાની અનેક પ્રાથમિક શાળાઓમાં બેગલેસ ડેની ઉજવણી નહી થતાં બાળકોને સ્કૂલબેગ સાથે શાળામાં આવવાની ફરજ પડી હતી.

શાળાઓએ આની ચુસ્ત અમલવારી કરવી જોઈએ. કેમ કે બાળકમાં રહેલી મૌલિક શક્તિઓનો વિકાસ થવાથી તેનો સીધો જ ફાયદો પરિવાર, સમાજ, રાજ્ય અને દેશને થશે. બાળકની અંદર પડેલું ટેલેન્ટ બહાર આવવાથી શારીરિક અને માનસિક વિકાસ થશે. રમત ગમત, સાંસ્કૃતિક, ગમ્મત સાથે જ્ઞાન, સાયન્સના પ્રયોગો, યોગા, પોલીસ સ્ટેશન, પોસ્ટ ઓફિસ, બેન્ક, સહકારી મંડળી સહિતની મુલાકાતથી બાળકોમાં વ્યવહારીક સમજણની સાથે સાથે જ્ઞાનમાં વધારો થશે. અમુક બાળકો વર્ગમાં બોલી શકતા નથી. તેવા બાળકો બોલતા થશે. । દિનેશ ચૌધરી, શિક્ષણવિદ

બાળકોની ઉંમર પ્રમાણે તેનામાં પણ ભણવાને લઈને તણાવ અનુભવતા હોય છે. ત્યારે સરકારના બેગલેસ ડેની ઉજવણીથી બાળકને ભણવાથી એક ોદિવસ રાહત મળશે. ઉપરાંત રમત ગમત, સાંસ્કૃતિક શક્તિઓ ખીલશે. શિક્ષણ સિવાય અન્ય પ્રવૃત્તિઓ કરાવવાથી બાળકનું મન ડાયવર્ટ થવાથી તેનામાં રહેલી આંતરિક શક્તિઓ બહાર આવવાથી તેના સર્વાંગી વિકાસમાં ઉપયોગી બની રહેશે. સૌથી મહત્ત્વનું ભારે વજનવાળા સ્કૂલબેગ ઉંચકવાથી બાળકોને રાહત મળશે. જે શાળાઓ તેની અમલવારી નહી કરતા તેમણે કરવી જોઈએ. । ચિરાગસિંહ વાઘેલા, વાલી

બાળકો સ્કૂલબેગમાં નાસ્તો, પાણીની બોટલ લઈને આવ્યા હશે. નવો જ નિયમ હોવાથી પ્રથમ દિવસે અમલીકરણ થયું નહી હોય પરંતુ ઘરેડમાં આવતા આગામી શનિવારથી અમલવારી થઈ જશે. સરકારી તમામ શાળાઓમાં બેગલેસ ડેની અમલવારી કરી છે. । પીયૂષ પટેલે, ડીપીઈઓ

શાળાઓમાં સ્કૂલબેગ વિના પ્રવૃત્તિઓ કરાવવામાં આવે તે પણ એક પ્રકારનું શિક્ષણ જ છે. સ્કૂલમાં માત્ર બાળકોને ભણાવવાની સાથે સાથે એક દિવસ પ્રવૃત્તિઓ કરાવવાથી બાળકને નવું નવું જાણવા અને સમજવા મળવાથી તેનો બૌદ્ધિક વિકાસ થવાથી તેનો ફાયદો આગળ શૈક્ષણિક કાર્યમાં જોવા મળશે. સામાન્ય રીતે સોમવારથી શુક્રવાર સુધી બાળકો તો સ્કૂલબેગ લઈને શાળામાં જતા હોય છે. ત્યારે શનિવારે બેગલેસ ડેની ઉજવણીથી બાળકો ભણવાના ભારથી મુક્ત થવાથી તેઓ અનેક પ્રવૃત્તિઓમાં રસ રાખવાથી તેની શક્તિઓ ખીલશે.।સુહાની પંડ્યા , વાલી

જિલ્લા શિક્ષણતંત્ર તરફથી લેખિત આદેશ નહીં હોવાથી બેગલેસ ડેની ઉજવણીની અમલવારી આજે શનિવારે કરવામાં આવી નથી તેવો રાગ ખાનગી શાળાઓના સંચાલકોએ આલાપ્યો છે. બેગલેસ ડેનો આદેશ સોશિયલ મીડિયામાં ફરતો થયો હોવા છતાં ખાનગી અને ગ્રાન્ટેડ શાળાના સંચાલકોને મળ્યો નથી. જોકે વાલીઓને શાળાએ નક્કી કરેલી દુકાનમાંથી પાઠ્ય પુસ્તકો, સ્કૂલ યુનિફોર્મ, સ્કુલબેગ, વોટરબેગ, સ્પોર્ટ્સનો ડ્રેસ, કલર કોડનો યુનિફોર્મ સહિતની શૈક્ષણિક વસ્તુઓ લેવા માટે વાલીઓ કે વિદ્યાર્થીઓને દબાણ નહીં કરવાનો શિક્ષણ વિભાગનો આદેશ હોવા છતાં તેની અમલવારી કેમ ખાનગી શાળાના સંચાલકો દ્વારા કરાવવામાં આવતી નથી.

# ગાંધીનગર શહેર ભાજપ દ્વારા વયવંદના યોજના નોંધણી અભિયાન અંતર્ગત દ્વિ દિવસીય મેગા ડ્રાઈવ યોજાઈ







ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૧૧ વર્ષ પુરા થવા અન્વયે પ્રદેશ ભાજપની કાર્યયોજના અનુસાર ચાલી રહેલા રાજ્યવ્યાપી અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોની શૃંખલા હેઠળ નગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં ગાંધીનગર શહેર ભાજપ પ્રમુખશ્રી આશિષકુમાર દવેના નેજા હેઠળ તમામ ૧૧ વોર્ડમાં ભાજપ સંગઠન દ્વારા વયવંદના યોજના નોંધણી અભિયાન હેઠળ દ્વિ દિવસીય મેગા ડ્રાઈવ હાથ ધરાઈ હતી. શહેર ભાજપ સંગઠન દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના સહયોગથી તમામ ૧૧ વોર્ડમાં ૭૦ વર્ષથી વધુ ઉંમરના વડીલોનો સંપર્ક કરી રૂ. ૧૦ લાખ સુધીની વિનામૂલ્યે આરોગ્ય સેવાનો લાભ મળે તે માટે નોંધણી કરાવી તેમને સ્થળ પર જ વયવંદના કાર્ડ કઢાવી આપવા ૫ અને ૬ જુલાઈ ના રોજ મેગા ડ્રાઈવ હાથ ધરાઈ હતી જેમાં શહેર ભાજપ પ્રમુખ આશિષકુમાર દવે, ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર મીરાબેન પટેલ, મહાનગરપાલિકા અને શહેર સંગઠનના પદાધિકારીઓ, નગરસેવકો, વોર્ડ સંગઠન અને કાર્યકર્તાઓએ જોડાઈ આ આશીર્વાદરૂપ યોજનાથી કોઈ વંચિત ન રહે અને મહત્તમ વડીલો આ યોજનાનો લાભ લે તે સુનિશ્ચિત કરવા સક્રિય પ્રયાસ હાથ ધર્યા હતાં.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**N.O.G. S S. No. 0102.**
વિષય :-ભીતરનો ભેરુ .
શીર્ષક :- ભીતરનો ભેરુ.
પ્રકાર :-ગદ્ય લેખ.
શબ્દ સંખ્યા :- ૨૯૫.

માનવ શરીરમાં મન એ મુખ્ય કારણ છે અને તેને કારણે શારીરિક તમામ પ્રકારની પ્રવૃત્તિઓ થઈ રહી છે, પરંતુ તેમાં રહેલો આત્મા એ આપણા ભીતરનો સાચો ભેરુ છે.

મન તો ચંચળ છે. તે અનેક પ્રકારની પ્રવૃત્તિ કરવા માટે માનવીને પ્રેરિત કરે છે. પ્રવૃત્તિ સારી હોય તો ઠીક છે પરંતુ દૂષિત હોય તો ઘણા બધા અનર્થો થઈ શકે છે. આ જગતમાં મોટાભાગના અનર્થોનું મૂળ કારણ માનવમાં રહેલું મન જે ચંચળ છે.

માનવીના મનમાં રહેલો ભીતરનો ભેરુ એ હંમેશા સાચું માર્ગદર્શન આપે છે . માનવી જ્યારે કોઈ પણ ખોટું કામ કરવા ઈચ્છે ત્યારે તેના મનમાં રહેલો જે આત્મા છે એ તેને હંમેશા સાચું કરવા માટે પ્રેરે છે. આમ મન અને આત્માની વચ્ચે ઘણીવાર મોટો સંઘર્ષ પણ થતો હોય છે્. ઘણીવાર મનની જીદ માં ભીતરનો ભેરુ હારી જાય છે અને માનવી દુષ્કૃત્ય કરવા માટે પ્રેરાતો રહેછે.

માનવ મનની અંદર રહેલી જે લાગણીઓ ઈર્ષા ,અદેખાઈ, અભિમાન, બીજાનું બુરું કરવાની ભાવના વિગેરે ઉપર જો નિયંત્રણ રાખવું હોય તો ભીતરના ભેરુના અવાજને ધ્યાનમાં રાખી અને માનવીએ પોતાની દરેક પ્રવૃત્તિનુ આયોજન કરવું જોઈએ. સત્ય હંમેશા સત્ય છે અને આપણો આત્મા હંમેશા સત્યને જ માર્ગદર્શન તરફ લઈ જાય છે .જગતમાં બુરામાં બુરો માણસ હોય તો પણ તેના આત્માની અંદર રહેલો ભીતરનો ભેરુ તેને સાચું કરવા માટે પ્રેરણા આપે છે. આવા સંજોગોમાં માનવી તેનું ધ્યાન આપતો નથી અને મને કહેલી દુષ્ પ્રવૃત્તિઓ ચાલુ રાખી પોતે અને અન્ય લોકોને હેરાન પરેશાન કરે છે.

દરેક માનવીએ સારા બનવા માટે પોતાના ભીતરના ભેરુ ના અવાજને ધ્યાનમાં રાખી અને પોતાના જીવનનું આગળ વધારવું જોઈએ અને આ જગતમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, તંદુરસ્તી વગેરે જો તમે ઈચ્છતા હો તો તમારા ભીતરના ભેગુના અવાજને ધ્યાનમાં રાખી અને તમારા જીવનનું નિર્માણ કરો અને ભીતરનો અવાજ જે કહે છે તે પ્રમાણે આગળ વધો તો આ તમામ પ્રકારની સુવિધાઓ પ્રાપ્ત થઈ શકશે.

રતીલાલ વાયડા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG* *SS* *No.* *0185.***
વિષયઃ- ભીતરનો ભેરુ
શીર્ષકઃ- સત્યનો આધાર
પ્રકારઃ- કાવ્ય, શબ્દ સંખ્યાઃ- ૧૧૫

ભીતરનો ભેરુ મારાં પંથે સાચો તે સંગાથી,
તન મનની રખેવાળીએ આતમ છે આધાર,
ગુરુ બનીને કર્મ ધર્મની સાચી દિશા બતાવે,
ખરાં ખોટાંની ચકાસણીએ સત્યનો આધાર,
નેપઓળખીને ચાલું હું ભીતરનો ભેરુ.

સઘળાં શાસ્ત્રોને ભીતરનો ભેરુ પ્રેમે પચાવે,
શંકરાચાર્યની પરંપરાને પ્રેમે નિભાવી જાણે,
પ્રકૃતિની મહાનતાનો છે તે વૈભવી કલાકાર,
હૈયાનાં અરમાનોની પ્રગતિ સલાહે કરાવતો,
નેપઓળખીને ચાલું હું ભીતરનો ભેરુ.

અણુઅણુએ તત્ત્વથી વસતો ભીતરનો ભેરુ,
સૌ જીવોમાં વસતો નિરંજન નિરાકાર ભેરુ,
જ્ઞાન વૈભવે મનની હરિયાળી બનીને વસતો,
મનનો પરિમલ તેજે આત્મા ભીતરનો ભેરુ,
નેપઓળખીને ચાલું હું ભીતરનો ભેરુ.

ભીતરનો ભેરુ છે સુંદર શુદ્ધ આનંદ સ્વરૂપ,
બાહ્ય જગતમાં ના રાખતો તું અતિવિશ્વાસ,
ભીતરનો ભેરુ છે સુખ દુઃખનો તારો આધાર,
‘ઝરૂખો’ હૈયાનાં અજવાળાએ ડગલાં ભરતો,
નેપઓળખીને ચાલું હું ભીતરનો ભેરુ.
દિલીપ સી. સોની ’ઝરૂખો’ અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 188**
વિષય : " ભીતરનો ભેરુ "
શીર્ષક : " ભીતરનો ભેરુ"
પ્રકાર : અછાંદસ કાવ્ય - શબ્દોઃ ૫૪

રોજ કરે છે સંવાદ, ભીતરનો ભેરુ.
કદી કરે વાદવિવાદ, ભીતરનો ભેરુ.

આધેડથી લઈ જાય બાળપણમાં,
જગાવે ખૂબ ઉન્માદ, ભીતરનો ભેરુ.

એક એ જ છે જે કરી દે તરબોળ,
લાગણી કેરો વરસાદ, ભીતરનો ભેરુ.

જવાબદારી ને દુનિયાદારીની વચ્ચે,
એક અનેરો અપવાદ, ભીતરનો ભેરુ.

હર સબંધ થતાં ગયાં સ્વાર્થી "વ્યોમ"
છે નિસ્વાર્થ જેનો નાદ, ભીતરનો ભેરુ.

?... વિનોદ. મો. સોલંકી "વ્યોમ"
જેટકો (જીઈબી), મુ. રાપર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No—209**
વિષય- ભીતરનાં ભેરું
શીર્ષક- મારા સાચા સાથી
શબ્દો— ૧૫૧
મારા ભીતરનાં ભેરું, મારા સાચા સાથી
મારી કવિતા, મારું સંગીત,મારી પ્રવૃત્તિ.

મારા એકાંતનાં સાથી,મને આપતાં સદા સધિયારો
મારી ઉન્નતિમાં,અવનવાં સર્જનમાં કરાવે સદા એ પ્રગતિ.

માંહ્યલો મારો ભીતરનો ભેરું,સદાય ફંફોસતું પરમશાંતિ,
જે શોધતું બહાર, પામી ભીતરમાંહી.

‘સ્વધા’નાં ભીતરમાં રહે સદા, ભીતરનાં ભેરું,
ન કોઈ ફરિયાદ, ન કોઈ બીજી વાત,
બસ પરમ આનંદની હેલી લે હિલોળાં દિનરાત.
સુધાબેન પુરોહિત
ગામ - હોનોલુલૂ અમેરિકા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 382**
વિષય :- "ભીતરનો ભેરુ "
શીર્ષક :- ગુરુપદી ભીતર ભેરુ.
પ્રકાર :- પદ્ય, શબ્દઃ- ૨૮૦
ગુરુપદી ભીતર ભેરુ.૫
દીવાસ્વપ્રે, દોડે આ જગ, લોભાવે મૃગજળ ખજાના,
મનોવિશ્વે, જાગે ચિંતન, આતમ સંવાદ ભીતર ભેરુ.

છે ચક્રવ્યૂહી , ઘટમાળા ડુંગરી, અચરજના સૌ ખેલા,
ઢંઢોળો ખુદને, મૌન સાગરે, ગુરુપદી ભીતર ભેરુ.

? તપી ખમો, જુઓ ખેલ ઋતુના, માનવ દેહ મહામૂલો?,
ઝંખી ઝાંખો,ભગવદ્ ગુણે, છે સારથી ભીતર ભેરુ,

પ્રજ્ઞા તારી, ધરે દીવડો, ઉજાશે આતમ પ્રભાતી ડેરું,
મૌનથી ઉપજે, શક્તિ ભક્તિ, ધરંત ખમીર ભીતર ભેરુ.

સાધના સાચી, કૈવલ પ્રકાશી, જ્ઞાને શમાવે અંતરાયો,
પંચ તત્ત્વોથી, રમાડે કુદરત, પરમ શ્રેયી ભીતર ભેરુ.

પરમ વિનયે, પૂરી અભિલાષા, ભાળું ભીતર મલ્હારી,
સદાચારથી, દીપતી માનવ જાતું , સંગે ભીતર ભેરુ.

બુંદ બુંદ જાણે, સાગર મહિમા, સંઘે મોતી મૂલાં,
ભાવ અદ્વૈતા, આતમ્ પરમાત્મા, ખેવૈયો ભીતર ભેરુ.
રમેશ પટેલ(આકાશદીપ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS 0092**
વિષય- ભીતરનો ભેરુ
શિર્ષક- આત્મજ્યોત
પ્રકાર- પદ્ય શબ્દો-૧૩૨

સ્વાર્થ, ઈર્ષ્યા ને લોભનું,
પ્રસરી રહ્યું ચારેકોર અંધારું.
ભીતરનો ભેરુ છે આત્મજ્યોત,
ઝળહળે એનું અજવાળું પ્યારું.

રાહ ભટકવા ના દે ક્યારેય,
ભેરુ છે ખબરદાર અમારો.
ના સૂવે ના તંદ્રામાં જવા દે,
એનો કડપ છે તેજનો ફુવારો.

માણસાઈની રાહ પ્યારી ભેરુને,
માનવતાનો ધર્મ એને વ્હાલો.
ના ભટકે મંદિરે કે તીર્થોમાં,
ના કરે ટીલાં ટપકાં કે દંભ ઠાલો.

વાત આવે ન્યાય કે સમાનતાની,
કરી મૂકે એ દેકારો.
જંપે નહીં મેળવ્યાં વિના પરિણામ,
છે જીવન પર એના કોટિ ઉપકારો.

વસે મારી ભીતર સદાય,
રહે અદશ્ય ને અકળ એ.
બની રહ્યો છે પથદર્શક હંમેશા,
દૂર રાખીને તમામ કપટ- છળ એ.

ભૂલું જો એને તો પડી જાઉં,
ખુદથી જ વિખૂટી.
ચીંધી રહ્યો છે માર્ગ જીવન સાફલ્યનો,
દૂર કરીને મારી અસંખ્ય ત્રુટિ.

અલકા નવિનચંદ્ર મહેતા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 321**
વિષય. ભીતરનો ભેરુ
શીર્ષક . ભોળાનાથ
શબ્દ. ૧૩૧ , પ્રકાર. પધ્ય

ભીતરનો ભેરુ મારો ભોળાનાથ છે,
ભીતરનો ભેરુ રે...
એના ભરોશે મેં નાવ હંકારી,
એના ભરોશે રે...
દુનિયા ના રંગ બધા લાગે રે ફીકા,
એના દર્શને જીવ લાગે છે રંગમાં
એન દર્શન માં રે..

એજ છે સાથિ , એજ છે સહારો,
ભૂલનાં અંધકારમાં એજ છે ઉજયારો
એજ ઉજ્યારો રે..

તોફાન આવે કે આવે અંધારી રાત,
એના સ્મરણે છલકે શાંતિની વાટ રે
શાંતિની વાટ રે...

કાંટાં પર ચાલું ને લાગે ફૂલવાટ,
ભોળાનાથ રાખે ભક્તોનો હંમેશાં ભાળ રે
હમેંશા ભાળ રે....

હાથે ત્રિશૂલ, કંઠમાં છે વિષ
તોય હદય છે , પ્રેમથી ભરપૂર રે
પ્રેમથી ભરપૂર રે...
ભીતર જ વસે છે ભોળો ભક્તો ના રાજા,
હંમેશા કરે છે દુઃખમાં સહુનુ કલ્યાણ રે..
સહુનું
આભાર - નિહારીકા રવિયા કલ્યાણ રે...

ભીતરનો ભેરુ મારો ભોળાનાથ છે,
ભીતરનો ભેરુ રે...
?? સુચિતા રાવલ "સૂચિ "

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS No.: 0141***
★વિષયઃ "ભીતરનો ભેરુ"★
★શીર્ષકઃ "ભીતર ડહેલો!"★
★પ્રકારઃ પદ્ય/અછાંદસ કવિતા★ ★શબ્દોઃ ૧૫૦★

બોધ પોતાને, આપવો છે સહેલો!
બીજાને આપવો, પણ છે સહેલો!
જ્યારે આવતું, મૂકવાનું અમલમાં;
ઊડે છે હવામાં, એ પ્રથમ પહેલો!

હતો મોર રૂડો ઢેલની સંગ ગહેલો;
કરી હુંસાતુંસી, એ જીદમાં રહેલો!
વહી ગઈ ઘટ્ટરાત નકામી રમલમાં;
શું મારે ધક્કા? રેત ઢહામાં ઢહેલો!

જતાં આવતાંય સુનું સુનું ખહેલો!
સ્નેહના વહેણમાં વાહ શું વહેલો?
નાવ જરી આવ્યું વહેમ વમળમાં!
જોઇ જાણ્યા વિના એ’મ બહેલો!

હદ હાથે કરીને, સીમાપાર થહેલો;
તૂટી પડ્યા તેના મન તણા મહેલો!
પાડી ટેવ એ ડૂબ્યો, સુરા સમલમાં;
હતો ભડ ભાદર, હવે ફૂત ભહેલો!

થઈ ગયો શૂન્ય જે ચહાટ ચહેલો;
એની કોયલને, અંગરે આગ હેલો!
ડૂબી એની દુનિયા; ડોળ ડમળમાં;
હવે વૃથા એનું ભૈ ગમે તેમ ટહેલો!

ગમે કે ન ગમે ભલે કોઈનો કહેલો!
છૂપો રાખવો, પ્યાર, શંકા છહેલો!
કહી શકો પીડા ના કો’ના કમળમાં;
ભીતરનો ભેરુ; રહે ભીતર ડહેલો!
★રચયિતાનું નામઃ રસિક વ. પરમાર "રવ"★

# ચૈતર વસાવાના રિમાન્ડ અને જામીન રાજપીપળા કોર્ટે કર્યા નામંજૂર, આવતીકાલે સેશન્સ કોર્ટમાં કરશે અપીલ



દેડિયાપાડા લાફા કાંડ કેસમાં આમ આદમી પાર્ટી (છછઁ)ના ધારાસભ્ય ચૈતર વસાવાની ધરપકડ બાદ આજે તેમને રાજપીપળા કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા. જ્યાં રાજપીપળા કોર્ટમાં ચૈતર વસાવાના ૫ દિવસના રિમાન્ડ માંગવામાં આવ્યા હતા જોકે, કોર્ટે આ માંગણીને નામંજૂર કરી દીધી છે. મળતી માહિતી મુજબ, રાજપીપળા કોર્ટે ચૈતર વસાવાના રિમાન્ડ અને જામીન અરજી બંને નામંજૂર કરી દીધી છે. હવે ચૈતર વસાવાને સેશન્સ કોર્ટમાંથી જામીન લેવી પડશે. હાલ, ચૈતર વસાવાને હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં મૂકવામાં આવ્યા છે. સોમવારે (૭ જુલાઈ) એ ડિસ્ટ્રિક્ટ સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવશે.

નોંધનીય છે કે, ચૈતર વસાવાને કોર્ટમાં હાજર કર્યા તે પહેલાં પણ રાજકીય નાટક જોવા મળ્યું હતું. જેમાં પોલીસ અને આપ કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું. હકીકતમાં, પોલીસે છછઁના નેતા ગોપાલ ઈટાલિયા, કાર્યકરો અને મીડિયાને કોર્ટમાં જતા રોકતા મામલો બિચક્યો હતો. આ ઘટના અંગે છછઁના કાર્યકરો અને ગોપાલ ઈટાલિયાએ પોલીસ સામે રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, ×પોલીસ કાયદાનું માને કે ભાજપનું? કોર્ટ પ્રજાની છે, ભાજપની નહીં× તેમણે ઉમેર્યું હતું કે, ×અદાલતમાં કોઈ પણ માણસ જઈ શકે, ખુલ્લી અદાલત છે.× પોલીસે કોર્ટનો ગેટ બંધ કરી લોકોને અને મીડિયાને અંદર જતા રોક્યા હતા, જેને લઈને પરિસ્થિતિ વધુ તણાવપૂર્ણ બની હતી.

ચોંકાવનારી વાત એ જોવા મળી કે ખાનગી કારમાં આવેલી પોલીસે ગોપાલ ઈટાલિયાએ કોર્ટમાં જતા રોક્યા. જેતી તેમણે અને કાર્યકરોએ પોલીસને સવાલ કર્યો કે, ‘ઓપન કોર્ટમાં જતા રોકો છો, આ કેવી લોકશાહી?× તેમણે પોલીસને તાકીદ કરી હતી કે, ×લોકોને કોર્ટમાં જવા દો, ભાગવાનું નથી, ખોટે ખોટી ફોન પર વાતો ન કરો. કોર્ટમાં જવા કોને પૂછવું પડે, એવો કયો કાયદો છે? હાઈકોર્ટમાં જવા માટે પણ નથી પૂછવું પડતું. આતંકવાદી હોય એમ ગેટ બંધ કરી દીધો છે.×

નર્મદા જિલ્લાના દેડીયાપાડા ખાતે આમ આદમી પાર્ટી (છછઁ)ના ધારાસભ્ય ચૈતર વસાવા અને ભાજપ શાસિત તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવા વચ્ચે ગઈ કાલે શનિવારે ઉગ્ર બોલાચાલી બાદ મારામારીનો બનાવ બન્યો હતો. આ ઘટના છ્ફ્ (આદિજાતિ વિકાસ કચેરી)ની સંકલન બેઠક દરમિયાન બની હતી. આ મામલે ફરિયાદ નોંધાયા બાદ ચૈતર વસાવાની ધરપકડ કરાઈ હતી.

# ધાનેરા ખાતે તાજીયા મહોરમ જુલૂસ નીકળ્યું




ધાનેરા ખાતે તાજીયા મહોરમ જુલૂસ નીકળ્યું...મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકો જુલુસમાં જોડાયા..ધાનેરા પી આઈ એમ જે ચૌધરી તાજીયા જુલુશ ને ફૂલ હાર પહેરાવ્યા..મુસસ્લિમ સમાજ ના આગેવાનો ધાનેરા પી આઈ એમ જે ચૌધરી તેમજ પી એસ આઈ ઓનું સાલ ઓઢાડી સ્વગાત કર્યું..ધાનેરા માં શાન્તિ પૂર્વક તાજીયા જુલુસ નીકળ્યું...મોટી સંખ્યા માં મુસ્લિમ ભાઈ બહેનો તાજીયા જુલુસ માં જોડાયા..કંઈપણ પ્રકાર નો અન બનાવ ના બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો

# પ્રખર રાષ્ટ્રવાદી અગ્રણી સ્વ.શ્યામાપ્રસાદ મુખરજીની જન્મજયંતીએ સદગતના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રખર રાષ્ટ્રવાદી સ્વ. શ્યામાપ્રસાદ મુખરજીની જન્મજયંતી નિમિતે વિધાનસભા પોડિયમમાં સદગતના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી ને કૃતજ્ઞતા પ્રગટ કરી હતી.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ અને સહકાર રાજય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ પણ ઉપસ્થિત રહીને સ્વ. શ્યામાપ્રસાદ મુખરજીના તૈલચિત્રને પુષ્પાંજલિ આપી હતી.

મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ૬ જુલાઈ ભારતના મહાન સપૂત ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીની જન્મજયંતી છે. શ્યામા પ્રસાદ મુખરજીએ ભારતમાં એક નવી વિચારધારાને જન્મ આપ્યો હતો.

ખૂબજ કડક શિસ્ત, હિન્દુત્વ અને શ્રેષ્ઠ સંસ્કારોના આગ્રહી એવા તેમના પિતા શ્રી આશુતોષ મુખરજીના કારણે શ્યામા પ્રસાદજીમાં બાળપણથી જ ભારતીયતા ના ઉચ્ચ સંસ્કારો હતા.

એમ.એ., એલ.એલ.બી. સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ શ્યામા પ્રસાદ જી કલકત્તા વિશ્વવિદ્યાલયના કુલપતિ બન્યા હતા. ત્યારબાદ તેઓ ધારાસભ્ય બન્યા હતા. વીર સાવરકરના આગ્રહથી તેઓ હિન્દુ મહાસભામાં સક્રિય બન્યા હતા.

સ્વતંત્ર ભારતના પ્રથમ પ્રધાનમંડળમાં તેમણે ઉદ્યોગ અને પુરવઠા મંત્રીની તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી.

કાશ્મીરના મુદ્દે તેઓ ખૂબ જ સક્રિય અને ચિંતિત હતા અને દેશમાં એક વિધાન-એક નિશાન-એક પ્રધાન સિદ્ધાંતના શિલ્પકાર પણ શ્રી મુખરજી હતા. તેઓ પોતાના સમગ્ર જીવન દરમિયાન અખંડ ભારતના સમર્થક અને કાશ્મીર માટે સંઘર્ષરત રહ્યાં હતા.

તેમનું જીવન દર્શન આજે પણ આપણને રાષ્ટ્ર હિત પ્રથમ ના ભાવ સાથે જીવવાનું માર્ગદર્શન આપતું રહે છે એમ પણ શ્રી ઋષિકેશ પટેલે શ્યામા પ્રસાદજીને આદરાંજલી આપતાં જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, ગાંધીનગર શહેર ભાજપ પ્રમુખ ડો. આશિષ દવે, ગાંધીનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ગૌરાંગ વ્યાસ, ગુજરાત વિધાનસભાના ઈન્ચાર્જ સચિવ શ્રી સી.બી.પંડ્યા તેમજ વિધાનસભાના અધિકારીઓ અને કર્મચારીઓએ સ્વ. શ્યામાપ્રસાદ મુખરજીના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

# દેશમાં સૌપ્રથમવાર એક સાથે ૮ દિવ્યાંગજનોને ઈ-ટ્રાઈસિકલ અર્પણ કરી સન્માન



સુરત:રવિવાર: પ્રદેશ ભાજપા અધ્યક્ષ અને કેન્દ્રીય જલશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલે સુરત ખાતે આજે દેશમાં સૌપ્રથમવાર એક સાથે ૮ દિવ્યાંગજનોને ઈલેક્ટ્રિક ટ્રાઈસિકલની ભેટ આપી હતી. સુરતના આ દિવ્યાંગો ભરતકામ, બુક બાઈન્ડિંગ, પેપર ડિસ્ટ્રીબ્યુશન, કંકોત્રી, કાર્ડ મેકિંગનું કામ કરી અન્ય પર આધારિત ન રહેતા આત્મનિર્ભર બની સ્વાવલંબી અને સન્માનભર્યું જીવન જીવી રહ્યા છે. આ દિવ્યાંગોમાં ચાર ભાઈઓ અને ચાર બહેનો છે, જેઓએ ઈ સાયકલની ભેટ મળવા બદલ આનંદિત થઈને મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ શ્રી પરેશ પટેલ, ફ્દ્રજીૅ મનેજમેન્ટ સમિતિના સભ્ય(મેમ્બર બોર્ડ ઓફ મેનેજમેન્ટ) અને મેડિકલ ફેકલ્ટી ડીન ડો. મહેન્દ્રસિંહ ચૌહાણ,નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ શ્રી ઈકબાલ કડીવાલા,્ શ્ફ નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ શ્રી કિરણ દોમડિયા, નર્સિંગ એસો.ના સંજય પરમાર, બિપિન મેકવાન, વિરેન પટેલ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાધનપુર-મહેસાણા હાઈવે પર રિક્ષા-આઈસર વચ્ચે અકસ્માત, એક જ પરિવારના ત્રણનાં મોત







રાધનપુર-મહેસાણા હાઈવે પર રિક્ષા અને આઈસર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં રિક્ષામાં સવાર ત્રણ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતી. આ અકસ્માત એટલો ભીષણ હતો કે રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતહેદને પીએમ અર્થે રાધનપુર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી અનુસાર, રાધનપુર-મહેસાણા હાઈવે પર રાધનપુરથી વરણા જઈ રહેલી રિક્ષાની ટક્કર આઈસર ટેમ્પો સાથે થઈ હતી. આ અકસ્માતમાં માતા-પુત્ર સહિત એક જ પરિવારના ત્રણ લોકોએ જીવ ગુમાવ્યો છે. મૃતકોમાં ૩૦ વર્ષીય વિરામભાઈ, ૧૨ વર્ષીય આશિષ અને ૫૫ વર્ષીય ગાલાબેનનો સમાવેશ થાય છે.અકસ્માત બાદ આઈસર ચાલક ઘટનાસ્થળેથી ફરાર થયો હતો. જોકે, આ અકસ્માત કયા સંજોગોમાં સર્જાયો તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# માત્ર બે થી અઢી ઈંચ વરસાદમાં સુરત પાલિકાની સ્ટ્રોમ ડ્રેનેજ સિસ્ટમ ફેલ થઈ ગઈ

સુરતમાં આજે શરૂ થયેલી વરસાદની ઈનિંગ્સે ફરી એક વખત પાલિકાની પોલ ખોલી દીધી છે. સુરતમાં રવિવારે માત્ર બે થી અઢી ઈંચ પડેલા વરસાદ સામે પાલિકાની ડ્રેનેજ સિસ્ટમ ફેલ થઈ ગઈ છે. આજે વરસાદના કારણે સુરત નવસારીને જોડતા ભેસ્તાન રોડ પર નદી વહી, કતારગામ, ડિંડોલી, વીઆઈપી રોડ સહિત અનેક વિસ્તારો પાણી પાણી થઈ ગયા હતા. શહેરના અનેક વિસ્તારોમાં પાણીનો ભરાવો થતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સુરતમાં ગઈકાલે ધીમો વરસાદ પડતો હતો પરંતુ રવિવારે સવારથી વરસાદે ધમાકાભેર શરુઆત કરી હતી અને બે થી અઢી ઈંચ વરસાદ પડ્યો હતો. જોકે, આટલા વરસાદમાં પણ પાલિકાની ડ્રેનેજ સિસ્ટમ નિષ્ફળ ગઈ હતી અને સામાન્ય વરસાદમાં પાણીનો નિકાલ ન કરી શકતા પાલિકાની ડ્રેનેજ સિસ્ટમ સુરતીઓ માટે ફરી એક વખત વિલન સાબિત થઈ છે. લાંબો સમય સુધી પાણીનો ભરાવો થતાં લોકોમાં પાલિકાની કામગીરી સામે ભારે આક્રોશ



વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

રવિવારે બે થી અઢી ઈંચ વરસાદ પડ્યો હતો જેમાં સુરત અને નવસારીને જોડતા ભેસ્તાન ના મુખ્ય રોડ પર નહેર વહેતી હોય તેવી રીતે પાણીનો ભરાવો થયો હતો. આ પહેલાં પાલિકાએ વધુ વરસાદ હોવાથી પાણીનો નિકાલ થતો નથી તેવી વાત કરી હતી પરંતુ આજે તો બે થી અઢી ઈંચ વરસાદ માં જ ભેસ્તાન મુખ્ય રોડ પર રેલ આવી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. આ પાણીમાં મોટા વાહનો પણ માંડ પસાર થતા હતા. નાના વાહનો પસાર થવાનો પ્રયાસ કરવામાં આવતો હતો જેમાં મોટા ભાગના વાહનો બંધ થઈ જતા હતા.

આ ઉપરાંત સુરત પાલિકાના સૌથી વિકસીત એવા અઠવા ઝોનમાં આવેલા વીઆઈપી રોડ પર પણ પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. આ ઉપરાંત કતારગામના અનેક વિસ્તારોમાં પાણી ભરાતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સામાન્ય વરસાદમાં પણ વરસાદમાં ઠેકઠેકાણે પાણીનો ભરાવો થતાં પાલિકાની સ્ટ્રોમ ડ્રેનેજ સિસ્ટમની કામગીરી નબળી હોવાનો આક્રોશ લોકો વ્યક્ત કરી રહ્યાં છે. સામાન્ય વરસાદમાં પણ પાણીનો ભરાવો થતો હોય તો ડ્રેનેજની સફાઈ યોગ્ય થતી નથી અને કૌભાંડ થતા હોવાનો આક્ષેપ પણ લોકો કરી રહ્યાં

# ધાનેરા તાલુકાના વોડા ગામે ખેડુતોને વરસાદથી થયેલ નુકસાન બાબતે સર્વે કરવા રજુઆત



ધાનેરા તાલુકાના વોડા ગામે ભારે વરસાદ પડવાના કારણે ખેડુતોના ખેતરોમાં પડેલ પાકને ભારે નુકસાન થવા પામ્યુ હતુ. જેમાં મોટા ભાગનો પાક ખેતરમાં પડ્યો પડ્યો આ વરસાદમાં સડી જવા પામ્યો છે. ત્યારે વોડા ગામના ઉત્સાહી સરપંચં મનથરાબેન રબારીતથા તમામ સભ્યો અને ગ્રામજનો મળીને ધાનેરા મામલતદાર જે. આર. મહેતાને લેખીત રજુઆત કરી હતી. જેમાં જણાવેલ કે ત્રણ દિવસ પડેલ ભારે વરસાદના કારણે બાજરી, મગફળીતેમજ ખેતીના અન્ય પાકો પાડીમાં પલળી ગયેલ છે. તેમજ ખેતરોમાં પડેલ ઘાસચારાને પણ ભારે નુકસાન થવા પામેલ છે. તેમજ કેટલાક ખેતરોમાં ધોવાણ થયેલ હોવાથી વોડા ગામે તાત્કાલિક સર્વે કરવામાં આવે તેમજ ખેડુતોને વળાતર ચુકવવા મામલતદાર ને લેખીતમાં રજુઆતો કરતા ધાનેરા મામલતદાર જે. આર. મહેતાએ આ રજુઆત ઉપરી કચેરી ખાતે મોકલી આપવાની ખાત્રી આપી હતી.

# જીલ્લા ભાજપ અધ્યક્ષશ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં સરપંચ સન્માન કાર્યક્રમ સંપન્ન



સુરેન્દ્રનગર જીલ્લા ભાજપ કાર્યાલય નમો કમલમ ખાતે જીલ્લા ભાજપ અધ્યક્ષ હિતેન્દ્રસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં નવી ચૂંટણીમાં ચૂંટાયેલા સરપંચશ્રીઓના સન્માનાર્થે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સન્માન સમારોહમાં ગુજરાત સરકારના નાયબ મુખ્ય દંડક તથા વઢવાણ વિધાનસભાના ધારાસભ્ય જગદીશભાઈ મકવાણા, પાટડી વિધાનસભાના માનનીય ધારાસભ્ય પી. કે. પરમાર વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં ચૂંટાયેલા તમામ સરપંચશ્રીઓ ઉપરાંત અપેક્ષિત કાર્યકર્તાઓએ પણ ઉપસ્થિતિ નોંધાવી હતી. સૌ નવા સરપંચશ્રીઓને અભિનંદન આપતાં ભાજપની ગ્રામ્ય વિકાસ અને લોકસેવાના વિઝનને આગળ વધારવા માટે કટિબદ્ધ રહેવા અપીલ કરી હતી.

ગાંધીનગર સમિતિ, ગાયત્રી શક્તિપીઠ, સેક્ટર ૧ તરફથી

# સમગ્ર જિલ્લાના શિક્ષકો માટે "શિક્ષક ગરિમા શિબિર" નું ભવ્ય આયોજન

ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા જિલ્લા ગાંધીનગર સમિતિ, ગાયત્રી શક્તિપીઠ, સેક્ટર ૧ તરફથી સમગ્ર જિલ્લાના શિક્ષકો માટે ×શિક્ષક ગરિમા શિબિર× નું ભવ્ય આયોજન તારીખ ૬ જુલાઈ ૨૦૨૫ ને રવિવારના રોજ સેક્ટર ૧૭ ના ટાઉનહોલ ખાતે કરવામાં આવેલું જેમાં ગાંધીનગર જિલ્લાની ૨૫૦ થી વધુ શાળાઓના અંદાજે ૪૦૦ જેટલા શિક્ષક ભાઈ બહેનોએ સક્રિય ભાગ લીધો.

શિબિરમાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના રાષ્ટ્રીય સંયોજક શ્રી રામયશ તિવારીજી શાંતિકુંજ હરિદ્વારથી પધારેલા. ગાંધીનગર જિલ્લાના માધ્યમિક શિક્ષણ અધિકારી ડો બી એન પ્રજાપતિ સાહેબ અને પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી ડો પિયુષકુમાર કે પટેલ સાહેબે હાજર રહેલા દરેક શિક્ષકોને વધુને વધુ બાળકો ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં બેસે તે માટે સંનિષ્ઠ પ્રયત્ન કરવા જણાવ્યું. રાજ્યકક્ષાના પરીક્ષાના સંયોજક શ્રી શંકરભાઈ પટેલે કહ્યું કે ભારતીય સંસ્કૃતિ વિશે બાળકોને અવગત કરવાથી બાળકોનો સર્વાંગીણ વિકાસ થશે અને ભારતીય પરંપરા તથા ભારતીય મૂલ્યોનું જતન કરતા થશે.

કાર્યક્રમમાં ઉપસ્થિત શિક્ષકોએ પ્રતિભાવ આપ્યો કે આ શિબિર શિક્ષકો માટે ખૂબ જ પ્રેરણાદાયી રહી અને શિક્ષકોમાં દેશ માટે અને ખાસ કરીને બાળકોના સર્વાંગીણ વિકાસ માટે કંઈક કરી છૂટવાની ભાવના ઉત્પન્ન કરે છે. શિક્ષકો બને એટલો પ્રયત્ન કરીને બાળકોમાં ભારતીય મૂલ્યોનું સિંચન કરવાનો સંનિષ્ઠ પ્રયાસ કરશે.

# જેસીઆઈ શાહિબાગ લેડીઝ વિંગ દ્વારા મિત્રો સાથે દિલ ની બાતો કાર્યક્રમ આયોજિત



અમદાવાદ: જેસીઆઈ શાહીબાગની લેડીઝ વિંગે મણિનગરની મેડ ઓવર ગ્રિલ હોટેલમાં મિત્રો સાથે દિલ ની બાતો કાર્યક્રમ આયોજન કર્યું હતું જેમાં તમામ મહિલા વિંગના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તે સંસ્થાના ભૂતપૂર્વ લેડીઝ વિંગના પ્રમુખ પિંકી ચોપડા જણાવ્યું કે સંસ્થાના તમામ સભ્યો બેપારે ૧૨ વાગ્યે સ્થળ પર પહોંચ્યા જયાં સંસ્થા પ્રમુખ સમિક્ષા મહેતાએ દરેકને આવકાર્યા અને થોડા સમય માટે બધાએ સાથે મળીને રમત રમવાની મજા માણી અને બધા મિત્રોએ રોજિંદી જીવનશૈલી વિશે ચર્ચા કરી અને તેમાં આવ્યા. સમસ્યાઓના નિરાકરણ માટે, તેમની વચ્ચે સલાહની આપ-લે કરવા વગેરે કાર્યક્રમ દરમિયાન, પ્રમુખ સમીક્ષા મહેતા, ભૂતપૂર્વ પ્રમુખ પ્રીતિકા બાગરેચા, મનીષા હુંડીયા,, સચિવ પ્રિયા જૈન, ખજાનચી રિંકુ શ્રીશ્રીમાલ વગેરે હાજર હતા. આવા કાર્યક્રમનું આયોજન કરીને તમામ મિત્રો વચ્ચે પરસ્પર પરિચયમાં વધારો થયો અને રમતગમતમાં ઘણું શીખ્યા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.